પત્રિકા ૨૦૮

# ચિરાગે હિદાયત

૨૮/૦૪/૧૯
૨૨ શાબાન

# ઈમામ(અ.સ.)ની ગયબત

# એક મોટી મહેરૂમી

‘ઈન્નલ્લાહ લા યોગય્યેરો મા બેકવ્મીન હત્તા યોગય્યેરૂ મા બે અન્ફોસેહીમ’

‘યકીનથી ખુદવંદે આલમ કોઈપણ કોમની હાલતને તે સમય સુધી નથી બદલતો જયાં સુધી તે પોતે પોતાની હાલતને ન બદલે.’

– સૂરએ રઅદ, ૧૧

‘ઝાલેક બેઅનલ્લાહ લમ યકો મોગય્યેરન નેઅમતન અન્અમહા અલા કવમીન હત્તા યોગય્યેરૂ મા બેઅન્ફોસેહીમ’

‘આ તે કારણથી છે કે ખુદાવંદે આલમ યકીન સાથે તે નેઅમતોને તબ્દીલ નહી કરે જે તેણે કોઈ કોમ ઉપર ઉતારી છે, જયાં સુધી કે તે તેને પોતાના હાથોથી તબ્દીલ ન કરી દે.’

– સૂરએ અન્ફાલ, ૫૩

ઉપરોક્ત રજૂ કરેલ આયતો પર પ્રકાશ પાડીને ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) ફરમાવે છે કે ‘‘ખુદાવંદે આલમનો એ અડગ નિર્ણય છે કે જો કોઈ બંદાને નેઅમત અર્પણ કરે છે તો પછી તે નેઅમતને તેની પાસેથી છીનવી નથી લેતો પરંતુ એ કે જો બંદો એવો કોઈ ગુનાહ કરે કે તે આ

નેઅમતને છીનવી લેવાનું કારણ બને, અને આજ અર્થ છે ખુદાના એ કોલનો કે અલ્લાહ કોઈ કોમની હાલત નથી બદલતો જયાં સુધી તે ખુદ પોતાના હાથોથી પોતાની હાલત ન બદલે.''

*- તફસીરે નુરૂસ્સસકલૈન, ભાગ. ૨, પેજ નં. ૪૮૮*

આથી આપણે જાણી લીધું કે ખુદાવંદે આલમ જયારે પણ કોઈ નેઅમત પોતાના બંદા પાસેથી આંચકી લે છે ત્યારે તેનું કારણ માત્ર લોકોના તે કામો છે કે જે વાજીબ હુકમો મુજબના નથી. હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.) પોતાની મશહુર અને જાણીતી દોઆ 'દોઆએ કુમૈલ'ના શરૂઆતના વાકયોમાં ફરમાવે છે ''પરવરદિગાર! મારા એ ગુનાહોને બખ્શી દે જે નેઅમતોને (તારા કોપમાં) બદલી નાખે છે.''

ખુદાવંદે આલમની આ સુન્નત એ વાતની ખુલ્લી દલીલ છે કે તેની રહેમત તેનાં ગુસ્સા ઉપર અગ્ર સ્થાને છે. તેથી અલ્લાહ નેઅમતોને માત્ર એ સમયે આંચકી લે છે જયારે લોકો તે નેઅમત પર શુક્ર અને કદ્ર કરતા નથી.

ચર્ચાના અંતમાં આપણે એ કહી શકીએ કે જો કે ઈમામે અસ્ર(અ.સ.)ની ગૈબતની હિકમત આપણને પૂરેપૂરી સમજાય તેમ નથી, થોડી રિવાયતો મુજબ તેનું કારણ ખુદ ઈમામે ઝમાના(અ.સ.) પોતાના ઝુહુર પછી બયાન

કરશે પરંતુ એક કારણ નિશાની અને હિકમત એ છે કે કહેવામાં આવ્યું છે (અને જે લોકોની જવાબદારીને પણ દર્શાવે છે) કે ખુદાવંદે મોતઆલનો ગુસ્સો, લોકોએ કદ્ર ન કરવાના કારણે છે. અઈમ્મા(અ.મુ.સ.)ના વુજુદની નેઅમત તે ઉમ્મતે ઈસ્લામ પર ખુદાનો મહાન ફઝલ હતો જે છીનવી લેવામાં આવ્યો.

ઈમામ(અ.સ.)ના વુજુદનું મહત્વ દર્શાવતા ઈમામ રઝા(અ.સ.) ફરમાવે છે કે "એટલે ઈમામત સંપૂર્ણ દીન છે, ઈસ્લામની બુન્યાદ છે, દરેક ખૈર અને ખૂબીનો પાયો છે, ઉમ્મતની વ્યવસ્થા છે. પરવરદિગારની સબીલ છે જેની મારફતે લોકો હિદાયત મેળવે છે."

જયારે લોકોએ આ મહાન નેઅમતની કદ્ર ન કરી તો ખુદાવંદે મોતઆલે તેઓની નજરથી ઈમામે ઝમાના(અ.સ.)ને છુપાવી દીધા. ઉમ્મત ઉપર આથી વધુ અઝાબ થઈજ નથી શકતો, બિલ્કુલ એક અણસમજ બાળકની જેમ કે જેને ઘટાટોપ અંધારી રાત્રે તેનો રસ્તો શોધવા માટે છોડી દેવામાં આવે. ન તો તે શરૂઆતથી જાણકાર છે ન તેને અંત ખબર છે. પરિણામે તે જંગલી જાનવરનો શિકાર બની જાય છે અથવા કોઈના ઘરનો મોહતાજ.

ઈમામ બાકીર(અ.સ.) ફરમાવે છે કે "જયારે ખુદાવંદે આલમ પોતાના બંદા ઉપર કોપાયમાન અને ગુસ્સે થાય

છે, ત્યારે અમને એહલેબૈત(અ.મુ.સ.)ને, તેનાં પાડોશમાંથી દૂર કરી દે છે.'' – 'કાફી' બાબતુલ ગૈબહ, હ.૩૧

હા, ઈમામોને લોકોની વચ્ચે-રાખવા, જેથી લોકો સહેલાઈથી પોતાના સવાલો અને મુશ્કેલીઓ તેમની પાસે બયાન કરી શકે, એ ખુદાનો ફઝલ છે અને ઈમામને તેઓની નજરમાંથી ઓજલ કરી દેવા અને દુનિયાના લોકોની પહોંચ તેમના સુધી ન હોવી તે તેનો ખરેખરો ન્યાય છે, અને ફઝલ ન્યાયનું પહેલું પગથીયું છે, પરંતુ અલ્લાહના ગઝબના કારણે અલ્લાહનો ફઝલ ન્યાયમાં તબ્દીલ થઈ ગયો. આ ગઝબ મુસલમાનોની નાફરમાની અને ગુનાહના પરિણામે હતો. બહરહાલ, ઈન્કાર ન કરી શકાય કે ગયબતના ઝમાનામાં જાહેર રીતે ઈમામે ઝમાના(અ.સ.)ની પવિત્ર હસ્તી પાસેથી લાભ મેળવવાથી નિરાશ થઈ જવાય તે ખરેખર એક ખૂબજ મોટી નિરાશા છે, જેની દુનિયાની બીજી કોઈપણ વસ્તુ આ નિરાશાની ખાલી જગ્યા પૂરી કરી શકતી નથી. જેના જવાબદાર માત્ર આપણે છીએ બીજુ કોઈ નથી.

અહીં એક સવાલ ઉભો થાય છે કે જો ઈમામે ઝમાના(અ.સ.)ની ગયબત લોકોની નાશુક્રીનું પરિણામ છે તો આ નેઅમતને લોકોએ ઈસ્લામની શરૂઆતમાં નકારીને કુફ્ર કર્યું હતું તો તેઓના ગુનાહની સજા આપણે શા માટે ભોગવવી પડી, શું આ અન્યાય નથી? ઝુલ્મ નથી?

પહેલું તો એ કે ઉપર લખાઇ ચૂક્યું છે કે જો ખુદાવંદે આલમ પોતાની હુજ્જતને જાહેર કરે તો તે તેનો ફઝલ છે અને જો છુપાવી રાખે તો તે તેનો અદ્‌લ ન્યાય છે. બીજું, ઈમામ અસ્ર(અ.સ.)ના ગયબતના જવાબદાર આજે આપણે પણ છીએ. તે એ રીતે કે આપણા આપસના ઝઘડાઓ, વિરોધો, ખેંચતાણ, આ બધા કાર્યો એવા છે કે જે ઈમામ(અ.સ.)ની ગૈબતને લંબાવી રહ્યા છે. બીજા શબ્દોમાં આજે આપણા આમાલો અને કાર્યો જ ઈમામ(અ.સ.)ના રંજ અને ગમનું કારણ છે.

જો આપણે આપણા ઈમામ(અ.સ.) સાથે મોહબ્બત કરીએ છીએ તો આવો આપણે સૌ સાથે મળીને એવો અહદ કરીએ કે આપણે કોઇ એવા ગુનાહ નહી કરીએ જે આપણને આપણા ઈમામ(અ.સ.)થી દૂર કરી દે અને ખુદાવંદે મોતઆલની સૌથી મહાન નેઅમતથી આપણે નિરાશ થઇ જઇએ.

**ઈમામે ઝમાના(અ.સ.)એ ફરમાવ્યું "તમારામાંથી દરેકે એવા કાર્યો કરવા જોઇએ જે અમારી મોહબ્બતથી નઝદીક કરી દે અને એ બાબતોથી દૂર રહેવું જોઇએ જે અમારી નારાજગી અને નાપસંદગીનું કારણ હોય."**

**(બેહારૂલ અન્વાર-૫૩, પે.૧૭૬)**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com